SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૦/૦૧/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતના ઉદ્યોગ સાહસિકોને ભારત સરકાર દ્વારા ડિફેન્સ ક્ષેત્રે ખરીદવામાં આવતા પ્રોડકટ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું

### સુરતના ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટ–અપ અને ઇનોવેટર્સે ભારત સરકાર દ્વારા અપાતી સહાયનો લાભ લઇને ડિફેન્સ મેન્યુફેકચરીંગમાં ઝંપલાવવું જોઇએ : લેફટનન્ટ જનરલ સંજય વર્મા

### દ. ગુજરાતને ડિફેન્સ મેન્યુફેકચરીંગનું હબ બનાવવા પ્રયાસ કરીશું : ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત શુક્રવાર, તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત 'ડિફેન્સ પ્રોકયુરમેન્ટ ઓફ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા' વિષય પર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લેફટનન્ટ જનરલ સંજય વર્મા દ્વારા સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને ડિફેન્સ ક્ષેત્રે જરૂરી ચીજવસ્તુઓના પ્રોડકશન માટે રહેલી તકો તેમજ ભારત સરકાર દ્વારા ડિફેન્સ ક્ષેત્રે જે પ્રોડકટની જરૂરિયાત ઉદ્‌ભવે છે તેના વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું અને ભારતની ઇકોનોમીને વધુ મજબુત બનાવવા માટે આ પ્રોજેકટના મહત્વ વિશે સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા વિશ્વના જુદા–જુદા દેશોના ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે.

ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે. આ ઉપરાંત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો યોજાઇ રહી છે. તેમણે વિશ્વના જુદા–જુદા દેશોમાં તેમજ ખાસ કરીને ભારતમાં જ સંરક્ષણ ક્ષેત્રે કઇ કઇ પ્રોડકટ બનાવીને આપી શકાય છે તેના વિશે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી મિશન ૮૪માં જોડાવા માટે તેઓને અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે ભારતનું ડિફેન્સ મેન્યુફેકચરીંગ હવે એક્ષ્પોર્ટ થવા જઇ રહયું છે તેમ જણાવ્યું હતું.

લેફટનન્ટ જનરલ સંજય વર્માએ સુરતના લઘુ ઉદ્યોગકારોને ભારત સરકારને ડિફેન્સ ક્ષેત્રે જે પ્રોડકટની જરૂરિયાત ઉભી થાય છે તે પ્રોડકટનું ઉત્પાદન કરીને ભારત સરકારના ડિફેન્સના વિવિધ વિભાગોને કઇ રીતે વેચી શકે છે? તેના વિશે માહિતી આપી હતી. તેમણે ડિફેન્સ પ્રોકયુરમેન્ટ માટે ભારત સરકારની પહેલ અને હમણાં તેમાં કરવામાં આવેલા ફેરફારો વિશે માહિતી આપી હતી.

તેમણે ડિફેન્સ એકવીઝીશન પોલિસી– ૨૦૨૦ તથા ડિફેન્સ કેપિટલ એક્ષ્પેન્ડીચર વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે ડિફેન્સ પ્રોકયુરમેન્ટ મેન્યુઅલ ૨૦૦૯ અંગે વિશ્લેષણ કરી મહત્વના સૂચનો રજૂ કર્યા હતા. તેમણે આત્મનિર્ભર ભારત માટે ડિફેન્સ એકવીઝીશન અને પ્રોકયુરમેન્ટમાં સરળીકરણ માટે કવોલિટી પ્રોડકટનું ઉત્પાદન થાય તેના પર ભાર મૂકયો હતો.

લેફટનન્ટ જનરલ સંજય વર્માએ ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, ભારત સરકાર પોતાના દેશમાં બનેલી પ્રોડકટને પ્રાધાન્ય આપી રહી છે. ડિફેન્સ મેન્યુફેકચરીંગ માટે સ્ટાર્ટ–અપ તથા ઇનોવેટર્સને સરકાર સહાયતા કરે છે, આથી ઉદ્યોગ સાહસિકોએ તેનો લાભ લઇને ડિફેન્સ મેન્યુફેકચરીંગમાં ઝંપલાવવું જોઇએ. ભારત સરકારના જેમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને સુરતના ઉદ્યોગ સાહસિકો તેમજ વેપારીઓ ડિફેન્સ પ્રોડકટ વેચી શકે છે તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બર પ્રમુખે લેફટનન્ટ જનરલ સંજય વર્માના સૂચનોને ધ્યાને લઇને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આગામી તા. ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન યોજાનાર 'ઉદ્યોગ એકઝીબીશન'માં ડિફેન્સ અને એરોસ્પેસનો સમાવેશ કરવાનું નકકી કર્યુ હતું. તેમણે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતને ડિફેન્સ મેન્યુફેકચરીંગનું હબ બનાવવા માટે પ્રયાસ કરીશું તેમ જણાવ્યું હતું.

ભારત સરકાર દ્વારા ડિફેન્સ ક્ષેત્રે જે પ્રોડકટની જરૂરિયાત ઉભી થાય છે તેની માહિતી મેળવવા માટે તેમજ ડિફેન્સ પ્રોડકટ અંગેની જાણકારી માટે ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો તેમજ અન્ય ઉદ્યોગ સાહસિકોને ડિફેન્સ કમિટીનો સંપર્ક સાધવા હેતુ ચેમ્બર ઓફ કોમર્સના ઇમેઇલ આઇડી info@sgcci.in પર મેઇલ કરવા જણાવવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા અને માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર તથા સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની ડિફેન્સ કમિટીના ચેરપર્સન આશા દવેએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને અંતે સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન પણ કર્યું હતું.